ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને
વર્ષ ૨૦૧૯-૨૦ માટેની શેરમૂડી
ફાળાની રૂ.૨૦૦.૦૦ લાખની ગ્રાન્ટ
ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૦/૧૧૧૧/અ.૧(પા.ફા.),
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૧/૧૧/૨૦૧૯

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૦૩/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃબજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃબજટ/૧૦૨૦૧૮/૧૨૦૩૧૯/બ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૨/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ/૨૦૧૯-૨૦/૮૩૭-૩૮

**આમુખઃ-**

વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવોથી ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૨૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી આ બજેટ જોગવાઇ મુજબની રૂ.૨૦૦.૦૦ લાખની શેરમૂડી ફાળાની ગ્રાન્ટ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબની રૂ.૨૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા બસો લાખ પુરા)ની શેરમૂડી ફાળાની ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(3) સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર-03 પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર- ૦૧ ઓબીસી-૧૯ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને શેરમૂડી હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૦૭/૧૧/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય પી. ચોટલિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સિલેકટ ફાઇલ-૨૦૧૯